# COMMISSIONERATE OF HIGHER EDUCATION

**Government of Gujarat**

## બિનસરકારી અનુદાનિત કોલેજના અધ્યાપક સહાયક (વિનયન,વાણિજય અને હોમસાયન્સ પ્રવાહ) ની જાહેરાત-૨૦૧૫-૨૦૧૬ ના સંદર્ભ માં વારંવાર પુછાતા પ્રશ્નો (FAQ)

### ૧.એમ.ફીલ. ની લાયકાત ધરાવનાર ઉમેદવાર અથવા પી.એચ.ડી ચાલુ હોય તેવા ઉમેદવાર અરજી કરી શકે?

**જવાબ: ના.** યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન રેગ્યુલેશન-૨૦૧૦ પ્રમાણે ઉમેદવાર જે તે વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ લઘુતમ ૫૫ ટકા ગુણ સાથે સારી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં હોવા જોઇએ, તેમજ યુજીસી-સીએસઆઇઆર અથવા સમાન પ્રકારની સંસ્થા દ્વારા યોજીત નેટ (પ્રમાણપત્ર) અથવા સ્લેટ (પ્રમાણપત્ર) અથવા સેટ (પ્રમાણપત્ર) ઉતીર્ણ હોવા જોઇએ.

ઉમેદવાર કે જેઓ **University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009** અનુસાર પી.એચ.ડી લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારોને **NET/ SLET** લાયકાતમાંથી મુક્તિ મળવાપાત્ર છે.

### ૨. શૈક્ષણિક વર્ષ ૨૦૦૯ પહેલા કે તે બાદ કરેલ પી.એચ.ડી માન્ય છે ?

**જવાબ:** ઉમેદવારોએ University Grants Commission (Minimum Standards and Procedure for Award of Ph.D. Degree) Regulations, 2009 અનુસાર પી.એચ.ડી લાયકાત મેળવેલ છે તે મુજબનું યુનિવર્સિટીના સક્ષમ સત્તાધિકારીનું સર્ટીફીકેટ વેરિફિકેશન સમયે રજુ કરવાનું રહેશે.

### ૩. અરજી સંપુર્ણ કન્ફર્મ (સ્વીકાર થયેલ) થયેલ ક્યારે કહેવાય ?

**જવાબ:** સૌ પ્રથમ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર રજિસ્ટર થવાનું રહેશે. રજિસ્ટર

થયા બાદ વેબસાઇટ પર લોગ-ઇન થવાથી અરજી ફોર્મ ખુલશે. અરજી ફોર્મ કાળજીપૂર્વક ભરવાનું રહેશે.

ઓનલાઇન ફોર્મ ભરતી વખતે ઉમેદવાર પોતાના વિષયની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે પસંદગી કરી શકશે અને જે જગ્યાઓ માટે પસંદગી કરે છે ,તે કોલેજો માટે પોતાનો પસંદગી ક્રમ આપવાનો રહેશે. ઉમેદવાર વધુમાં વધુ ૧૦(દસ) કોલેજ માટે પસંદગી આપી શકશે, જે કોલેજ/સંસ્થા માટે પસંદગી દર્શાવેલ નહિ હોય, તે જગ્યા પર ઉમેદવારીનો હક્ક રહેશે નહિ. વધુમાં, અરજીપત્રકમાં દર્શાવેલ પસંદગી ક્રમ નિયુક્તિ સુધીની પ્રક્રિયામાં અંતિમ ગણાશે.

પસંદગી ક્રમ આપ્યા બાદ ઉમેદવારે ફોર્મ ફી ભરવા માટે ચલણ ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. તથા નજીકની દેના બેંકની કોઇપણ શાખામાં ઉક્ત ચલણથી ફોર્મ ફી જમા કરાવવાની રહેશે.

બેંકમાં ફી જમા કરાવ્યા બાદના કામકાજના એક દિવસ બાદ ઉમેદવારે વેબસાઇટ www.cheguj.com પર પોતાના યુઝર આઇ.ડી – પાસવર્ડથી લોગ-ઇન થવાનું રહેશે તથા ચલણથી ફી ભર્યા અંગેના ટ્રાન્ઝેક્શન આઇ.ડી જણાવવાના રહેશે જેથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી ઉમેદવારની અરજી સ્વિકારવામાં આવેલ છે તે પ્રકારની સુચના પ્રદર્શિત કરવામાં આવશે. ઉમેદવારનું ફોર્મ સ્વિકારવામાં આવેલ છે તે મુજબની સુચના પ્રદર્શિત ન થાય ત્યાં સુધી ફોર્મ સબમીટ થયેલ ગણાશે નહી.

કામકાજના દિવસો દરમ્યાન દરરોજ બપોરના ૧.૦૦ કલાકે સિસ્ટમમાં બેંક દ્વારા પુરા પાડવામાં આવેલ ટ્રાન્ઝેક્શન આઇ.ડીનો ડેટા અપડેટ કરવામાં આવશે. જેથી ફી ભર્યાના ૨૫ કલાક બાદ જ ટ્રાન્ઝેક્શન આઇ.ડી દાખલ કરવાથી સિસ્ટમ દ્વારા વેરીફાઇ કરી શકાશે. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની પ્રિન્ટ વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી અરજીની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અંતિમ દિવસ સુધીમાં ઉમેદવાર પોતાના ફોર્મની વિગતો સુધારી શકાશે પરંતુ ફોર્મ ભરવાની છેલ્લી તારીખે દર્શાવેલ સમય બાદ કોઇપણ સંજોગોમાં ઉમેદવાર ફોર્મની વિગતો સુધારી / અપડેટ કરી શકશે નહીં.

**૪. પી.એચ.ડી થીસીસ જમા કરાવેલ હોય પરંતુ બાકીની પ્રક્રિયા બાકી હોય તેવા ઉમેદવાર અરજી કરી શકશે?**

**જવાબ:** ના. ઉમેદવાર પાસે યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ પી.એચ.ડી નોટિફિકેશન હોવું આવશ્યક છે.

**૫. મહત્તમ કેટલી કોલેજો માટે પસંદગી ક્રમ આપી શકાય ?**

**જવાબ:** મહત્તમ ૧૦ (દસ) કોલેજો માટે જ પસંદગી ક્રમ આપી શકાશે. જે નિમણૂક સુધી આખરી રહેશે.

**૬. અનામત કક્ષાના ઉમેદવારે બિનઅનામત કક્ષાનો લાભ લેવા અલગ ફોર્મ ભરવું પડશે ?**

**જવાબ:** ના. કોઈ પણ અનામત કક્ષા ના ઉમેદવારે એક વિષય માટે ફક્ત એક જ ફોર્મ ભરવાનું રહે છે. જો તે મેરીટ માં આવતા હોય તો અનામત કક્ષાના ઉમેદવારને બિન અનામત જગ્યા નો લાભ આપોઆપ મળવાપાત્ર છે.

**૭. ચલણ ની ત્રીજી કોપી નું શું કરવાનું છે ?**

**જવાબ:** ઉમેદવારને જયારે પ્રમાણપત્ર ની ચકાસણી માટે બોલાવવા માં આવશે ત્યારે ચલણ ની ત્રીજી કોપી બીજા પ્રમાણપત્રો ના સેટ ની સાથે ઓફિસ કોપી તરીકે જમા કરાવવાની રહેશે.

**૮. શાળાના શિક્ષક તરીકેનો અનુભવ માન્ય ગણાશે ?**

**જવાબ:** ના. ફક્ત સરકારી કોલેજો માં વ્યાખ્યાતા સહાયક કે બિન સરકારી અનુદાનિત કોલેજો માં અધ્યાપક સહાયક તરીકેનો અનુભવ જ માન્ય ગણાશે.